**આંક–૧ હેઠળ હુકમ**

ક્રિ.કેસ નં.૬૨૩/૨૦૨૫

ફરિયાદ જોતા તપાસ કરનાર અમલદારે આરોપી ઠાકોર બાબુજી કુપાજી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની પ્રોહી.એકટ કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુના સબબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રોજ રજૂ કરેલ છે.

ચાર્જશીટ રજૂ થતાં આરોપી વિરૂધ્ધ કોગ્નીઝન્સ લઈ સમન્સ કાઢવામાં આવેલ. આરોપીને સમન્સ બજતા આરોપી કોર્ટમાં હાજર થતાં આરોપીને વિનામૂલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીએ આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરસીસ રજૂ કરતાં આરોપી વિરુધ્ધનું તહોમતનામુ તેમને વાંચી સંભળાવી તેમનુ નિવેદન નોધતા આરોપીએ ગુનાનો એકરાર કરેલ છે અને આરોપી તેઓની ગુના કબુલાત પુરસીસ આજરોજ આપી જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના અને અમો બાળ બચ્ચાંવાળા છીએ, અમારા ઉપર કુટુંબની સં પૂર્ણ જવાબદારી છે. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને તેથી કાયદામાં જણાવેલ મહત્તમ સજા ન કરી અમો ઉપર દયા કરવા આપ નામદાર કોર્ટને વિનંતી કરીએ છે. આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત હકીકતે આરોપીની સ્વૈચ્છિક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી.

કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ગુજરાત રાજય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર. ૨૦૦૫(૧), પાના નં.૭૦૯) આપેલ સમજુતી મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જાણતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

- આ કામના આરોપીને ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનાના કામે દોષિત ઠરાવવામાં આવે છે.
- આરોપીને ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુના સબબ રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૭ (સાત) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- મુદ્દામાલ પ્રોહી. દારૂનો અપિલ સમય વિતે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪ મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગની નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૧૪.૦૩.૨૦૨૬
સ્થળ – બહુચરાજી

(સંદિપ ઈશ્વરભાઈ ચૌહાણ)
જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ, બહુચરાજી
(કોડ નં.જી.જે.૦૧૫૮૦)